સોગંદ આપ્યા.....

**<u>સામાવાળા નં.૧ તર્ફે હર્ષદીપ.કે.આચાર્યની આંક–૫૫ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એન.આર.પટેલ</u>**

(૧) હું હાલ જમીન સંપાદન અને પ્રાંત અધીકારી તરીકે ધ્રાગંધ્રા મુકામે તારીખ ૭/૧૧/૨૦૨૩થી ફરજ બજાવું છું. એ વાત ખરી છે કે, હાલના કેસનો જમીન સંપાદનનો એવોર્ડ મેં જાતે બનાવેલ નથી. એ વાત ખરી છે કે, તેથી મને આ એવોર્ડની જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, હું રેકર્ડ આધારીત જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, મેં જે સંપાદીત કરેલ છે તેનું સ્થળ ઉપર જાતનીરીક્ષણ કરેલ નથી કે તે જમીન જોયેલ નથી. એ વાત ખરી છે કે, સંપાદીત થયેલ જમીન મેં જોયેલ ન હોય જેથી તે જમીન પિયત છે કે બિનપિયત છે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ખેતીની જમીન કરતા બીનખેતીની જમીનની કિંમત વધારે હોય. એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામાં પેરા–૫ માં દર્શાવેલ વિગતો વાળા વેચાણ દસ્તાવેજોની વિગતો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે કલમ–૧૧(૧) ના એવોર્ડમાં જણાવેલ પાંચ સાલી વેચાણ આંકડા અંગેનો કોઈપણ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મારી સરતપાસના પેરા નંબર ૧૦માં જણાવેલ સરકારશ્રીના ઠરાવો કે પરીપત્રો મેં આ કામે રજુ રાખેલ નથી. હવે પછી હું કોઈ ઠરાવો કે પરીપત્રો રજુ કરવા માંગતા નથી.

સવાલ:– રણમલપુર ગામે માળીયા શાખાની કેનાલ સને ૧૯૯૯થી ચાલુ છે ?

જવાબ:– તેની મને માહીતી નથી.

એ વાતની મને માહીતી નથી કે, પિયત જમીન હોય તો ખેડુત વર્ષે ત્રણ પાક લઈ શકે. એ વાત ખરી છે કે, સદરહું એવોર્ડની કલમ ૯ની સુનાવણી મેં જાતે કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી પાસે પ્રાત અધીકારીશ્રી,ધ્રાગંધ્રા ઉપરાંત ખાસ જમીન સંપાદન અધીકારીશ્રી નર્મદા યોજના સંપાદન કચેરી,ધ્રાગંધ્રાનો વધારાનો હવાલો છે. એ વાત ખરી છે કે, મેં હળવદ પ્રાત અધીકારી તરીકે ફરજ બજાવેલી છે. એ વાત ખરી છે કે, મેં પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપલાઈન એકટ ૧૯૬૨ અંગેના એવોર્ડો કરેલા છે. એ વાત ખરી છે કે, પી.એમ.પી. એકટ એવોર્ડને રુલ્સ ૧૯૬૩ લાગુ પડે છે. એ વાત ખરી છે કે, પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપલાઈન એકટ ૧૯૬૨ ની કલમ ૧૦(૪) મુજબ જમીનની બજાર કીંમત નકકી કરતો વળતરનો એવોર્ડ મેં કરેલ છે. એ વાત ખરી છે કે, પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપલાઈન એકટ ૧૯૬૨ની જોગવાઈઓ મુજબ જમીનની બજાર કિંમત નકકી કરતી વખતે જમીન સંપાદનની જોગવાઈઓ ધ્યાને લઈને જમીનનું વળતર નકકી કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, મેં રણમલપુર ગામનો નવા જમીન સંપાદન ધારાની કલમ ૨૬(૨)ને ધ્યાને લઈને વપરાશી હકક સંપાદનનો જમીનનો એવોર્ડ

કરેલ છે. એ વાત ખરી છે કે, આંક–૨૮વાળો એવોર્ડ પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપલાઈન એકટ ૧૯૬૨ હેઠળનો કલમ ૩(૧)ના જાહેરનામા તારીખ ૨૮/૩/૨૦૦૯ની સ્થીતીએ પ્રતિ ચો.મી.ના રૂા. ૧૭૨.૬૬ પૈસા નકકી કરેલ છે. એ વાત ખરી છે કે, પ્રતિ ચો.મી.ના રૂા. ૧૭૨.૬૬ પૈસામાંથી જો વપરાશી હકક હોય તો તેને દસ ટકા રકમ મળે. એ વાત ખરી છે કે, મેં પેટ્રોલીયમ એન્ડ મીનરલ્સ પાઈપલાઈન એકટ ૧૯૬૨ ની કલમ ૧૦(૧) અને ૧૦(૩) હેઠળના પાકઝાડ નુકસાનીના એવોર્ડ કરેલા છે. એ વાત ખરી છે કે, આંક–૩પવાળો એવોર્ડ બીટી કપાસની નુકસાનીનો એવોર્ડ છે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકતી સરકારી ખરાબાની માંગણી કરે તો મારા દ્રારા જીલ્લા કલેકટરશ્રીને દરખાસ્ત મોકલું છું. એ વાત ખરી છે કે, કલેકટરશ્રી દ્રારા કોઈ ખરાબાની જમીનની ફાળવણી કરે તો તે અંગેનો હુકમ પ્રાંત અધીકારીને મોકલે. એ વાત ખરી છે કે, આંક–૩૨વાળો એવોર્ડ જીલ્લા કલેકટરશ્રી,સુરેન્દ્રનગર દ્રારા આઈ.ઓ.સી.એલ. વડોદરાને ગામ રણમલપુર તા. હળવદનો સર્વે નંબર ૮૮૬/૧ની ૫૧૫૦ ચો.મી. ખરાબાની જમીન ફાળવેલ તેનો હુકમ છે અને તેની નકલ પ્રાત કચેરી, ધ્રાગંધ્રાને મોકલેલ છે. એ વાત ખરી છે કે, આંક–૩૨વાળો હુકમ ખરાબાની જમીન આઈ.ઓ.સી.એલ. વડોદરા દ્રારા તારીખ ૨૭/૮/૨૦૦૯નાં રોજ માંગણી કરેલ તે છે અને આ હુકમ અંગે નાયબ કલેકટરશ્રી,ધ્રાગંધ્રા દ્રારા અભિપ્રાય આપેલ છે. એ વાત ખરી છે કે, માં ગણીવાળી જમીનની જંત્રી મુજબની કિંમત દર ચો.મી.ના ૩૭૫ મુજબ આઈ.ઓ.સી.એલ.ને આગોતરો કબજો તા. ૧૮/૯/૨૦૧૦નાં રોજ સોંપવામાં આવેલ. એ વાત ખરી છે કે, જીલ્લા મુલ્યાંકન સમીતીએ ખરાબાની કિંમત તા. ૨૨/૯/૨૦૧૧ ની સ્થીતીએ દર ચો.મી.ના રૂા. ૭૫૦/– નકકી કરવામાં આવે છે. એ વાત હું કહી શકુ નહી કે, સામાન્ય રીતે ખેતીની જમીન કરતા ખરાબાની જમીનના ભાગ ઓછા હોય. એ વાત ખરી છે કે, ખરાબાની જમીનમાં ઉપજ નીપજ લઈ શકે નહી. એ વાતનો મને ખ્યાલ નથી કે, કલમ ૧૨(૨)ની નોટીસ અરજદારને બજાવવા ગયા હોય અને અરજદારે તે નોટીસ લેવાનો ઈનકાર કરેલ હોય તેવી નોટીસ આ કામે રજુ કરેલ નથી.હું આવી કોઈ નોટીસ રજુ કરવા માંગતો નથી કારણ કે તે આ કામે જરૂરી નથી. એ વાતનો મને ખ્યાલ નથી કે, અમારી કચેરી દ્રારા અરજદારને કલમ ૧૨(૨)ની નોટીસ એવોર્ડની નકલ સાથે મોકલેલ નથી કે મોકલ્યા અંગેના આધાર પુરાવા આ કામે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, આ કામનો કલમ ૧૧(૧)નો એવોર્ડ તારીખ ૩/૮/૨૦૧૧નાં રોજ જાહેર કરેલ છે. એ વાત ખરી છે કે, આ કામના અરજદારે રેફરન્સ તારીખ ૧૩/૯/૨૦૧૧નાં રોજ દિન–૪૨માં રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, જયારે કલમ ૧ ૨(૨)ની નોટીસની બજવણી અરજદારને ન થઈ હોય ત્યારે એવોર્ડની જાણ થયેથી ૬ માસમાં રેફરન્સ રજુ કરવો જોઈએ. એ વાત ખરી છે કે હળવદ તાલુકાનુ ધણાદ ગામ અને રણમલપુર ગામ એક સીમાડાના ગામ છે. એ વાત ખરી છે કે મને કલમ–૧૧(૧)નો

એવોર્ડ બતાવવામા આવે છે તે અમારી કચેરી તરફથી જે તે સમયે મારા પુરોગામી જમીન સંપાદન અધિકારીશ્રીએ કરેલ છે તે જ છે. જે તે સમયે રેફરન્સ દાખલ કરતી વખતે અરજદારે રજુ રાખેલ એવોર્ડની સર્ટીફાઈડ કોપી રજુ દાખલ **આંક–૫૭.** એ વાત ખરી નથી કે અરજદારને વધુ વળતર ચુકવવું ન પડે તે માટે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૧૧/૯/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ     પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ